# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯/ક્વા-03/૨૦૨૧-૨૨/ ૪૦૮-૭ તારીખ : ૧૮-૦૧-૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
રાજેશકુમાર ઉનડકટ
શ્રી વેંકટેશ કૃપા, ન્યુ મહાવીરનગર-૨, ભગવતી પ્રોવિઝન સ્ટોરની સામે, લાખના બંગલાવાળો રોડ, ગાંધીગ્રામ ,
મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ ,
પીન કોડ. : ૩૬૦૦૦૭
મોબાઈલ : ૮૯૮૦૦૨૧૬૮૮

વિષય : ફોલ્ટી મીટર હેઠળ ઉધારેલ બીલ જમા આપવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૦-૧૧-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૯/ક્વા-03/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પ્રદ્યુમનનગર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

E-Mail- forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૯/ક્વા-૩/૨૧-૨૨/ 408-7 તા. 18-01-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૯/ક્વા-૩/૨૧-૨૨**

| | |
|---|---|
| અરજદાર | : રાજેશકુમાર ઉનડકટ ગામ: રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : પ્રદ્યુમનનગર |
| રજૂઆત કરનાર | : અરજદાર રાજેશકુમાર ઉનડકટ વતી તેના પ્રતિનિધિ તરીકે રુચીકભાઈ પી. ઠક્કર હાજર રહેલ છે. |

**:: વિરુધ્ધ ::**

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૨ |
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૨ |
| રજૂઆત કરનાર | : શ્રી એન.ડી.રૃધાણી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૨ |

**:: કોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૦૭-૦૧-૨૦૨૨(શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૭-૦૧-૨૦૨૨ (શુક્રવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નં. ૩૧૩૦૯/૦૨૫૯૯/૧ થી પ્રદ્યુમનનગર પેટા વિભાગીય કચેરી હેઠળ રહેણાંક વીજજોડાણ ધરાવે છે પરંતુ અરજદાર આર્થીક રીતે નબળા હોય તેઓને કોવીડ-૧૯ મહામારી ના કારણે ધંધા અને રોજગારી માટે અરજીમાં દર્શાવેલ સરનામે સ્થળાંતરિત થવું પડેલ, જેથી તેમનું સદર મકાન જાન્યુઆરી-૨૦૨૧ થી બંધ હાલતમાં પડેલ છે, તેમાં કોઈ વીજ ઉપકરણો જોડાયેલ નથી. તેમજ

હાલની તારીખમાં પણ સદર મકાન ખંડેર હાલતમાં છે. પરંતુ સંલગ્ન પેટા વિભાગીય કચેરી દ્વારા ગ્રાહકને એવરેજ બીલ આપવામાં આવ્યા જેના અંગે તપાસ કરતા તેઓને કહેવામાં આવ્યું કે સદર બીલ રીડીંગ લેતા જમા મળી જશે.

૨.૧ ત્યારબાદ માહે જુન-જુલાઈ ૨૦૨૧ ના બીલમાં તેઓને રૂ.૩૬૨૯/- બાકી આવ્યા જેના સંદર્ભે અરજદાર દ્વારા કચેરીની મુલાકાત લેતા કચેરી માંથી જાણવા મળ્યું કે અરજદારનું મીટર ખામીયુક્ત હોવાથી કંપનીના નિયમ પ્રમાણે ત્રણ એવરેજ બીલની રકમ ઉધારેલ છે.

૨.૨ વધુમાં સદર મીટરને લેબ માં ખામીયુક્ત જાહેર કરવામાં આવ્યું છે તેમાં છેલ્લા યુનિટ ૧૧૭૪૩ KWH લખાયેલ છે પરંતુ છેલ્લું બિલીંગ થયું ત્યારે યુનિટ ૧૧૭૨૨ KWH હતા અને ત્યારબાદ મકાન પણ બંધ હાલતમાં હતું. તેમ છતાં પણ મીટરને ખામીયુક્ત જાહેર કરીને ત્રણ બીલની રકમ ઉધારેલ છે. પરંતુ લેબ રીપોર્ટની વિગતો તપાસતા – (૧). MMB/IC સીલની સ્થિતિ બરાબર છે, (૨) બોડી સીલ તપાસતા બરાબર છે, (૩) ટોપ કવરની સ્થિતિ બરાબર છે, (૪) મીટરના ટર્મિનલની સ્થિતિ બરાબર છે – તેનો અર્થ એ થાય છે કે મીટરમાં ગ્રાહક તરફથી કશું છે નહિ છતાં મીટરને ખામીયુક્ત જાહેર કરેલ છે તો લેબ રીપોર્ટમાં લખેલા રીડીંગ નું શું અર્થઘટન કરવું?

૨.૩ વધુમાં GERC ના નિયમ ૬.૫૭ અને ૬.૫૮ મુજબ ખાસ સંજોગોમાં બીલ તૈયાર કરવાની પદ્ધતિ અંતર્ગત "જ્યારે મીટરના KWH સુલભ ન હોય ત્યારે ત્રણ બીલની એવરેજ દેવાની થતી હોય છે". જ્યારે અરજદારના લેબ રીપોર્ટમાં યુનિટ ૧૧૭૪૩ KWH સ્પષ્ટપણે લખેલા છે તેથી સદર ખામીયુક્ત મીટર મુજબ આપેલ એવરેજ બીલ રદ કરી કાયદેસરના યુનીટનું વીજબીલ આપવા રજૂઆત છે.

૨.૪ તેમજ નીચે મુજબ વધુ રજૂઆત છે કે –

- કંપની જે નિયમોનું બહાનું કરે છે તે સંદર્ભમાં અરજદાર જણાવે છે કે ગ્રાહકને સળંગ બે બિલથી વધુ કામચલાઉ બીલ આપી શકાય નહિ તેમ છતાં અરજદારને સળંગ ત્રણ કામચલાઉ બીલ બનાવીને નિયમોનું ઉલ્લંઘન કરેલ છે.
- કંપનીના કર્મચારી દ્વારા મીટર બદલાવવા આવ્યા ત્યારે તેણે ફોર્મમાં લોડની વિગતો ખોટી ભરેલ છે.તેમાં કુલ જોડાયેલ લોડ ૦.૫૩૫ KW દર્શાવેલ છે, હકીકતમાં સદર મકાન ખંડેર હાલતમાં છે જ્યાં એકપણ વીજ ઉપકરણ જોડાયેલ નથી છતાં પંખા ટીવી અને ફ્રીજ નો ઉલ્લેખ કરેલ છે. તે કચેરીના કામની બેદરકારી દર્શાવે છે.
- કોઇપણ અરજીનો જવાબ સામાન્ય રીતે ૭, ૧૪, ૨૧ કે વધુમાં વધુ ૩૦ દિવસમાં આપવાનો હોય છે પરંતુ મારી તા.૦૮.૧૦.૨૦૨૧ ના રોજ કરેલ અરજીનો જવાબ સંલગ્ન કચેરી દ્વારા તા.૧૫.૧૧.૨૦૨૧ ના રોજ અપાયેલ છે જેમાં દર્શાવેલ ગ્રાહક નંબર પણ ખોટો છે જે બાબત પણ કચેરીની વધુ એક બેદરકારીનો નમુનો છે.
- GERC ના નિયમ મુજબ અરજદાર નું મીટર નં.૦૧૪૦૯૨૬૮ જે L&T નું છે જેની ગેરંટી ૫ વર્ષની હોય છે, તો ગેરંટી પૂરી થતા મીટરમાં ખામી સર્જાય તે સ્વાભાવિક બાબત છે. તેમજ ૫ વર્ષ બાદ અરજદારનું મીટર બદલી કરવું જોઈતું હતું કે રી-ટેસ્ટ કરવું જોઈતું હતું પરંતુ કચેરી દ્વારા ૮ વર્ષમાં આ નિયમનું પાલન કરેલ નથી. જો સદર નિયમનું પાલન કર્યું હોત તો અરજદારનું મીટર ખામીયુક્ત થવાનો પ્રશ્ન ઉભો ન થયો હોત. આમ, સદર બાબત માટે PGVCL જવાબદાર છે.
- વધુમાં જે નિયમ મુજબ આ બીલ આપવામાં આવ્યું છે જેમાં GERCના નિયમ નં. ૬.૫૮ માં સ્પષ્ટપણે ઉલ્લેખ છે કે "ઉપયુક્ત મુદત દરમિયાન મકાનની કાર્યકારી/ અથવા કબજાની સ્થિતિ અંગે ગ્રાહક કોઈ પુરાવો આપ્યો હોય કે જેનાથી વીજળી વપરાશ પર અસર પડી હોય તો પરવાનેદાર તેને વિચારણામાં લેશે" સદર બાબતે

સંલગ્ન કચેરીએ તેમના મીટર રીડર તથા મીટર બદલવા આવેલ કર્મચારીનો અભિપ્રાય લઈ તપાસ કરવી જોઈએ, પરંતુ કચેરી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

૨.૫ આમ, સદર ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઈને કુદરતી ન્યાયના સિદ્ધાંતને અનુસાર અરજદારને લેબ રીપોર્ટમાં દર્શાવ્યા મુજબ યુનિટ ૧૧૭૪૩ KWH નું બીલ આપવા તથા સદર એવરેજ બીલ રદ કરવા અને બાકીની રકમ બીલમાં જમા આપવા અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે પ્ર.નગર કચેરીના ગ્રાહક શ્રી રાજેશકુમાર જે.ઉનડકટ ગ્રાહક નં.૩૧૩૦૯/૦૨૫૯૯/૧ થી રહેણાંક હેતુ વીજજોડાણ સબબ પ્ર.નગર કચેરીમાં તા.૦૮.૧૦.૨૦૨૧ નારોજ લેખિત અરજી આપવામાં આવેલ. સદર અરજીમાં રીડીંગ મુજબ વિજબીલની રકમ જમા આપવા તથા એમઆરઆઈ (MRI)ની નકલ આપવા જણાવવામાં આવેલ.

3.૧ સદર અરજીના અનુસંધાને પ્ર.નગર કચેરીના પત્ર નંબર પી.એન.એસ.ડી/રેવન્યુ/૩૯૭૧ તા.૧૫.૧૧.૨૦૨૧ના રોજ યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ પરંતુ ગ્રાહક દ્વારા ફોરમમાં એવરેજ વીજ બીલની રકમ જમા આપવા લેખિત રજૂઆત કરવામાં આવેલ છે.

3.૨ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ગ્રાહકને ડીસે.જાન્યુ-૨૧ તથા ફેબ્રુ-માર્ચ-૨૧ માસના બે વીજબીલો લોક સ્ટેટસ મુજબ એવરેજ પ્રોવિઝનલ બીલ આપવામાં આવેલ હતા ત્યારબાદ મીટર રીડર દ્વારા અપ્રિલ-મે-૨૦૨૧ માસનું વીજબીલ બનાવવા જતા મકાન બંધ હોય કંપનીના નિયમ મુજબ અગાઉના બે એવરેજ પ્રોવિઝનલ બીલ ના આધારે સદર બીલ (0) જીરો યુનિટનું મીનીમમ વીજબીલ બનાવવામાં આવેલ. જુન-જુલાઈ-૨૧ માસનું વીજબીલ તા.૧૦.૦૭.૨૦૨૧ના રોજ બનાવવા જતા ડિસ્પ્લે બંધ હોય રીડીંગ આવેલ ન હોવાથી ગ્રાહકના સરેરાશ વપરાશ મુજબ એવરેજ બીલ ૧૫૦ યુનિટ આપતા છેલ્લા ત્રણ બીલની એવરેજ મુજબ સીસ્ટમ દ્વારા ૪૫૦ યુનિટનું વીજબીલ ગ્રાહકને આપવામાં આવેલ.

3.3 ગ્રાહકનું મીટર બંધ હોય પ્ર.નગરની કચેરી દ્વારા ચેકિંગશીટ નં.: ૬૮૦૧૨૭ તા.૦૩.૦૮.૨૦૨૧ના રોજ મીટર ગ્રાહકના પ્રતિનિધિની રૂબરૂમાં પેપર પેક કરવામાં આવેલ જેમાં ડિસ્પ્લે બંધ હોવાનું જણાયેલ ત્યારબાદ તા.૧૯.૦૮.૨૦૨૧ના રોજ ગ્રાહકની રૂબરૂમાં મીટર લેબ ટેસ્ટ કરતા છેલ્લા રીડીંગ ૧૧૭૪૩ હોવાનું જણાયેલ પરંતુ આ મીટર ફોલ્ટી હોવાનો રીપોર્ટ આવેલ. સદર મીટર ફોલ્ટી હોય એમ.આર.આઈ. આવેલ નથી.

3.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૩.૨ મુજબ ગ્રાહકને મીટર ફોલ્ટી હોય સરેરાશ વપરાશ મુજબ ૪૫૦ યુનીટનું એવરેજ વીજબીલ આપવામાં આવેલ હતું જેમાં ગ્રાહકને બે લોક પ્રો.બીલની રકમ સીસ્ટમમાં જમા આપવામાં આવેલ અને ૪૫૦ યુનીટનું ફોલ્ટી તરીકે વીજબીલ આપેલ ત્યારબાદ ઓગસ્ટ-સપ્ટે-૨૧ માસનું વીજબીલ મીટર ચેન્જની એન્ટ્રી લઇ સરેરાશ વપરાશ મુજબ ૧૫૦ યુનિટનું વીજબીલ આપવામાં આવેલ. આમ ગ્રાહકનું મીટર બંધ (ફોલ્ટી) હોય ગ્રાહકના સરેરાશ વપરાશ મુજબ વીજ બીલો આપવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ અરજદારના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ તેઓ પ્ર.નગર પેટા વિભાગીય કચેરી હેઠળ થી ગ્રાહક નં.૩૧૩૦૯/૦૨૫૯૯/૧ થી રહેણાંક હેતુનું ૦.૫ KW નું વીજજોડાણ તા.૦૪.૦૬.૨૦૦૪ થી ધરાવે છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૨ અરજદારની રજૂઆત મુજબ સદર વીજ જોડાણ વાળું મકાન માહે જાન્યુ.-૨૦૨૧ થી બંધ હાલતમાં પડેલ છે, તેમાં કોઈ વીજ ઉપકરણો જોડાયેલ નથી. તેમજ હાલની તારીખમાં પણ સદર મકાન ખંડેર હાલતમાં છે.

૪.૩ સદર વીજજોડાણમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ગ્રાહકને ડીસે.જાન્યુ-૨૧ તથા ફેબ્રુ-માર્ચ-૨૧ માસના બે વીજબીલો લોક સ્ટેટસ મુજબ એવરેજ પ્રોવિઝનલ બીલ આપવામાં આવેલ હતા ત્યારબાદ મીટર રીડર દ્વારા અપ્રિલ-મે-૨૦૨૧ માસનું વીજબીલ બનાવવા જતા મકાન બંધ હોય કંપનીના નિયમ મુજબ અગાઉના બે એવરેજ પ્રોવિઝનલ બીલ ના આધારે સદર બીલ (0) ઝીરો યુનીટનું મીનીમમ વીજબીલ બનાવવામાં આવેલ.

૪.૪ જુન-જુલાઈ-૨૦૨૧ માસનું વીજબીલ તા.૧૦.૦૭.૨૦૨૧ના રોજ બનાવવા જતા ડિસ્પ્લે બંધ હોય રીડીંગ આવેલ નહોવાથી ગ્રાહકના સરેરાશ વપરાશ મુજબ એવરેજ બીલ ૧૫૦ યુનિટ આપતા છેલ્લા ત્રણ બીલની એવરેજ મુજબ સીસ્ટમ દ્વારા ૪૫૦ યુનિટ નું રૂ.૨૭૧૫.૨૮ નું વીજબીલ ગ્રાહકને આપવામાં આવેલ.ત્યારબાદ ઓગસ્ટ-સપ્ટે.-૨૦૨૧ માસનું વીજબીલ મીટર ચેન્જની એન્ટ્રી લઇ સરેરાશ વપરાશ મુજબ ૧૫૦ યુનિટનું રૂ.૩૬૨૯.૫૩ (રૂ.૯૧૪.૨૫ (ચાલુ બીલ) + રૂ.૨૭૧૫.૨૮ (અરીયર્સ બીલ)) નું વીજબીલ આપવામાં આવેલ.

૪.૫ ગ્રાહકનું મીટર બંધ હોય પ્ર.નગરની કચેરી દ્વારા ચેકિંગશીટ નં.: ૬૮૦૧૨૭ તા.૦૩.૦૮.૨૦૨૧ના રોજ મીટર ગ્રાહકના પ્રતિનિધિની રૂબરૂમાં પેપર પેક કરવામાં આવેલ જેમાં ડિસ્પ્લે બંધ હોવાનું જણાયેલ ત્યારબાદ તા.૧૯.૦૮.૨૦૨૧ના રોજ ગ્રાહકની રૂબરૂમાં મીટર લેબ ટેસ્ટ કરેલ જેના લેબ રીપોર્ટ મુજબ છેલ્લા રીડીંગ ૧૧૭૪૩ હોવાનું જણાયેલ. તેમજ (૧). MMB/IC સીલની સ્થિતિ બરાબર છે, (૨) બોડી સીલ તપાસતા બરાબર છે, (૩) ટોપ કવરની સ્થિતિ બરાબર છે, (૪) મીટરના ટર્મિનલની સ્થિતિ બરાબર છે અને મીટર ટેસ્ટ કરતા મીટર ફોલ્ટી છે આ મીટર ફોલ્ટી હોય એમ.આર.આઈ. આવેલ નથી.

૪.૬ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સદર સવાલ વાળું મીટર તા.૦૩.૦૮.૨૦૨૧ ના રોજ બદલી કરવામાં આવેલ. સદર મીટરનું તા.૧૯.૦૮.૨૦૨૧ ના રોજ અરજદારની રૂબરૂમાં લેબ પરીક્ષણ કરતા મીટર ફોલ્ટી જાહેર થયેલ છે. તેમજ નામદાર GERCના સપ્લાય કોડ નોટિફિકેશન નં. ૦૪/૨૦૧૫ ના નિયમ ૬.૫૭ અને ૬.૫૮ મુજબ ખાસ સંજોગોમાં બીલ તૈયાર કરવાની પદ્ધતિ અંતર્ગત "જ્યારે મીટરના KWH સુલભ ન હોય ત્યારે ત્રણ બીલની એવરેજ દેવાની થતી હોય છે". જે મુજબ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારને મુદ્દા નં. ૩.૨ મુજબ સરેરાશ વીજબીલ આપવામાં આવેલ જે યોગ્ય છે. વધુમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારને ઓગસ્ટ-સપ્ટે.-૨૦૨૧ માસનું વીજબીલ મીટર ચેન્જની એન્ટ્રી લઇ સરેરાશ વપરાશ મુજબ ૧૫૦ યુનિટનું રૂ.૩૬૨૯.૫૩ (રૂ.૯૧૪.૨૫ (ચાલુ બીલ) + રૂ.૨૭૧૫.૨૮ (એરીયર્સ બીલ) ) નું વીજબીલ આપવામાં આવેલ છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ અને ૪.૬ મુજબ અરજદારને માહે જુન-જુલાઈ-૨૦૨૧ નું વીજ બીલ તા.૩૦.૦૭.૨૦૨૧ ના રોજ ફોલ્ટી સ્ટેટસ મુજબ આપેલ છે જે નિયમાનુસાર છે. ત્યારબાદ અરજદારનું સવાલ વાળું મીટર તા.૦૩.૦૮.૨૦૨૧ ના રોજ બદલાવેલ છે.

ત્યારબાદ માહે ઓગસ્ટ-સપ્ટે.-૨૦૨૧ માસનું બીલ તા.૦૨.૧૦.૨૦૨૧ ના રોજ સરેરાશ વપરાશ ૧૫૦ યુનિટ ગણીને આપેલ છે જે રદ કરીને તા.૩૦.૦૭.૨૦૨૧ થી તા.૦૨.૦૮.૨૦૨૧ સુધી એટેલ કે ૪ (ચાર) દીવસ માટે સરેરાશ વીજવપરાશ (૧૫૦ યુનિટ) ના પ્રતિદિન સરેરાશ વીજવપરાશ ૨.૫ યુનિટ ગણી અને નવા મીટરમાં નોંધાયેલ વીજ વપરાશ ના રીડીંગ (૧ - ૧) = 0 વપરાશ મુજબ કુલ ૧૦ યુનિટનું રીવાઈઝ કરી આપવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Grievance Redr... P.G.V.C.L. Rajkot

વધુમાં અરજદારની રજૂઆત મુજબ સવાલવાળા મીટરના લેબ રીપોર્ટ તા.૧૯.૦૮.૨૦૨૧ માં નોંધાયેલ રીડીંગ ૧૧૭૪૩ મુજબ રીવાઈઝ કરી આપવાની રજૂઆત મીટર ફોલ્ટી હોય ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૭ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૯ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯